૩૦/૧૧,૭૮૫

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૨૪ જૂન, ૨૦૧૨)**

**(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)** **સત્સંગ પ્રારંભ**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** **(કુલ ગુણ : ૧૦૦)**

**વિભાગ-૧ : ઘનશ્યામ ચરિત્ર - ૨૪મી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૦**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''તેથી હું કોપાયમાન થયો છું.'' (૪૪) ૨. ''તું અમને વહાણ જુદું ભાડે કરી આપ.'' (૬૧)

૩. ''ઘનશ્યામને ખૂબ દોડાવજે, પણ પકડાતી નહિ.'' (૧૦)

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. માતા-પિતા વૃદ્ધ થયાં ત્યારે ઘનશ્યામ કેટલા વર્ષના થયા હતા ? (૭૮) ૨. ઘનશ્યામને બળિયા અને તાવ કેવી રીતે મટી ગયા ? (૧૯)

૩. પૂર્ણ પુરુષોત્તમ નારાયણનાં માતા-પિતાનું નામ શું હતું ? (૨) ૪. ઘનશ્યામથી શું ચવાતું ન હતું ? (૪૭)

**પ્ર.૩ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૪]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**ઉદાહરણ :- વાંદરાને મેથીપાક :** છપૈયામાં ઘનશ્યામ ઓરડામાં જમતા હતા ત્યારે વાંદરો રોટલી ખૂંચવી ડાળે જઈને બેઠો.

જવાબ :- **વાંદરાને મેથીપાક : <u>અયોધ્યામાં</u>** ઘનશ્યામ **<u>ઓશરીમાં</u>** જમતા હતા ત્યારે વાંદરો **<u>પૂરી</u>** ખૂંચવી ડાળે જઈને બેઠો.

૧. **લક્ષ્મીબાઈને ચમત્કાર :** સુખનંદનનાં માતા વસંતબાઈએ આખા ગામમાં વાત ફેલાવી કે દૂધનો ચોર પકડાયો છે. (૫૪)

૨. **ખાંપા તળાવડી :** છપૈયામાં દેવોના વૈદ્ય અશ્વિનીકુમારે ઘનશ્યામના ડાબા પગના સાથળમાં પાટો બાંધ્યો. (૩૯)

૩. **મલ્લોનો પરાજય :** અયોધ્યામાં ઘનશ્યામે તાનસંગ, બીલ્લીસંગ અને ભીમસંગ નામના મલ્લોને હરાવ્યા. (૩૩, ૩૫)

૪. **બે સ્વરૂપે દર્શન :** જન્માષ્ટમીના દિવસે ઘનશ્યામે ધર્મપિતા પાસે અને ઠાકોરજી પાસે એમ બે સ્વરૂપે દર્શન આપ્યાં. (૭૨)

**પ્ર.૪ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ <u>એક</u> પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (વર્ણન કરવાનું નથી)** [૫]

૧. કાશીમાં વિશિષ્ટાદ્વૈત મતનું સ્થાપન (૭૬-૭૮) ૨. પાણી ઉપર ચાલ્યા (૬૭-૬૯) ૩. મુમુક્ષુ કઈ દિશામાં છે ? (૨૮-૨૯)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. બાળપ્રભુનું પરાક્રમ (૩)

(૧) ☐ કાલિદત્ત (૨) ☐ કોટરા (૩) ☐ હનુમાનજી (૪) ☐ લક્ષ્મીજી

૨. વાંદરાને સમાધિ (૨૩)

(૧) ☐ ઘનશ્યામ ધર્મપિતાની બાજુમાં જમવા બેઠા. (૨) ☐ ઘનશ્યામ રામપ્રતાપભાઈની બાજુમાં જમવા બેઠા.

(૩) ☐ વાંદરાએ રોટલીઓ ઉપાડી લીધી. (૪) ☐ વાંદરાએ પૂરીઓ ઉપાડી લીધી.

૩. ઘનશ્યામે હિંસા બંધ કરાવી (૪૩-૪૫)

(૧) ☐ રાજાની પાછળ વાઘ પડ્યો. (૨) ☐ તું અને તારું સૈન્ય પાપ કરો છો.

(૩) ☐ હું સોગંદ ખાઈને કહું છું કે હવે કદી હિંસા કરીશ નહિ. (૪) ☐ તમે તો ભગવાન છો. હું તો તમારો સેવક છું.

૪. માસીને પરચો (૬૨-૬૪)

(૧) ☐ ભક્તિમાતાની બહેનો - વસંતાબાઈ, ચંદનબાઈ (૨) ☐ વસંતમાસીએ પ્રભાતિયું ગાયું - 'ઊઠો લાલ પ્રભાત ભયા હૈ.'

(૩) ☐ તુલસીદાસનું પ્રભાતિયું (૪) ☐ તમારા ચમત્કારની અમને આજે ખબર પડી.

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. ધર્મદેવ, રામપ્રતાપ અને ઘનશ્યામને લઈ જંગલમાં ગયા. (૬૬) ૨. ધર્મદેવ અને ભક્તિમાતાને ખાતરી થઈ કે ઘનશ્યામ વિદ્વાન થશે. (૮)

૩. ભક્તિમાતા ઘડો અને દોરડું લીધા વિના જ ઘરે પાછા આવ્યાં. (૩૦)

**વિભાગ-૨ : યોગીજી મહારાજ - ૧૭મી આવૃત્તિ, જાન્યુઆરી - ૨૦૧૦**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''તમારે બે વાત સમજવી.'' (૧૩) ૨. ''એમાં રોમનો ફેર નથી એવો દિવ્યભાવ રાખવો.'' (૫૦)

૩. ''સૌને નીતિ, ધર્મના સંસ્કાર આપ્યા. તે ખરેખર પ્રશંસનીય વાત છે.'' (૪૫)

**પ્ર.૮ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. 'યજ્ઞપુરુષસ્મૃતિ' નામનો ગ્રંથ યોગીજી મહારાજે ક્યારે પ્રગટ કરાવ્યો ? (૪૧)

૨. યુવકો શું કરે તો યોગીજી મહારાજ અતિશય રાજી થતા ? (૩૮)

૩. યોગીજી મહારાજ ફરીથી કઈ સાલમાં આફ્રિકા તથા એડન પધાર્યા ? (૪૪)

૪. ગરાસિયા હરિભક્તે ઝીણાભગતના પગમાં શું જોયું ? (૧૫)

**(પાછળ જુઓ)**

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રારંભ''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૯ નીચે આપેલ વિષય તથા સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.** [૬]

**વિષય : ગુરુભક્તિ (૩૩-૩૪)**

**૧.** યોગીજી મહારાજને સારણગાંઠ થઈ. **૨.** બધા હરિભક્તો રડવા માંડ્યા. **૩.** યોગીજી મહારાજે શાસ્ત્રીજી મહારાજને સૂતાં સૂતાં પ્રણામ કર્યા. **૪.** શાસ્ત્રીજી મહારાજ આવ્યા ત્યારે યોગીજી મહારાજનું ઑપરેશન થઈ ગયું હતું. **૫.** ડૉ. ઍસ્પિનોલને બતાવ્યું. **૬.** શાસ્ત્રીજી મહારાજે પૂછ્યું, 'યોગીજી મહારાજને દૂધ પાયું ?' **૭.** ડૉ. ઍસ્પિનોલે કહ્યું, 'આ સાધુ કાંઈ બેભાન ન હતા.' **૮.** શાસ્ત્રીજી મહારાજ ચાણસદ દવા કરાવતા. **૯.** યોગીજી મહારાજની રૂમમાં ટેબલ પર શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ પધરાવી. **૧૦.** હીરજીભાઈએ યોગીજી મહારાજ માટે જુદા રૂમની વ્યવસ્થા કરી. **૧૧.** બે કલાક બાદ ક્લોરોફૉર્મની અસર ઊતરી. **૧૨.** યોગીજી મહારાજ દર બીજા દિવસે ઉપવાસ કરતા.

**(૧) ફક્ત સાચા નંબરો** ☐ ☐ ☐ ☐ ☐ ☐

**(૨) યથાર્થ ઘટનાક્રમ** ☐ ☐ ☐ ☐ ☐ ☐

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**પ્ર.૧૦** 'મને સાધુ બનાવો' (૯-૧૦) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. યોગીજી મહારાજ લંડન પધાર્યા. (૪૪)

૨. પાતળિયા ઝરે ઝીણાભાઈને બેઠેલા જોનાર આશ્ચર્યમાં ડૂબી જતા. (૨)

૩. યોગીજી મહારાજને યુવકોને સાધુ કરવાની ઇચ્છા હતી. (૩૯)

## વિભાગ-૩ : કિશોર સત્સંગ પ્રારંભ - ૧૮મી આવૃત્તિ, જાન્યુઆરી - ૨૦૧૨

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. મહારાજે સામત પટેલ પાસે શાની માગણી કરી ? (૨૦)

૨. અખંડાનંદ સ્વામી શું વિચાર કરતાં વાઘની સામે ચાલ્યા ? (૧૪)

૩. વિહારીલાલજી મહારાજે ડુંગર ભક્તનું શું નામ પાડ્યું ? (૩૯)

૪. શ્રીજીમહારાજ અને મુક્તાનંદ સ્વામીના ગુરુ કોણ હતા ? (૧૫)

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. વીર ભગુજી (૧૮-૧૯)

(૧) ☐ ખબડ અને મતારો

(૨) ☐ દાદાખાચરનાં ખેતરોની સંભાળ

(૩) ☐ સંતદાસ

(૪) ☐ મારે તો સ્વામિનારાયણ ભગવાન જોઈએ છે.

૨. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી (૨૭-૩૦)

(૧) ☐ સં.૧૮૪૧ આસો સુદિ પૂનમ

(૨) ☐ ભોળાનાથ, સાકરબાઈ

(૩) ☐ જૂનાગઢના મહંત

(૪) ☐ સ્વામીની વાતું

૩. પૂંજો ડોડિયો (૪૧-૪૪)

(૧) ☐ માંડવી ગામ

(૨) ☐ હવે મને અન્ન-જળ ગળે નહિ ઊતરે.

(૩) ☐ માણકી તો મુક્ત છે.

(૪) ☐ તેઓ મને સત્તરમા દિવસે તેડી જશે.

૪. ધૂન (૨)

(૧) ☐ આત્મા એટલે સહજાનંદ સ્વામી

(૨) ☐ અજામિલને ચાર દીકરા.

(૩) ☐ નાના છોકરાનું નામ 'નારાયણ'

(૪) ☐ પરબ્રહ્મ એટલે ગુણાતીતાનંદ સ્વામી

**પ્ર.૧૪ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** [૪]

૧. નાથ ભક્ત ............ ના વતની હતા. (૪૪)

૨. સહજાનંદ સ્વામી ભક્તોના ............ દુઃખ દૂર કરે છે. (૫)

૩. અજામિલના ઘરે ............ આવ્યા હતા. (૨)

૪. ............ ભગુજીને મારી નાખવા ઘામાં કબૂતરની ચરક નાંખી. (૧૯)

**પ્ર.૧૫ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** [૮]

૧. ચરણ સરોજ ..... નરનારી. (૧૭)

૨. અમે સૌ સ્વામીના ..... છીએ મરવા. (શૌર્ય ગીત)

૩. શ્રી હરિ જય જય ..... ભય હારી.(૪)

૪. જમો થાળ જીવન ..... કેરીનો ઘોળી. (૨૨-૨૩)

**પ્ર.૧૬** 'કરોડ કામ બગાડીને.....' (૩૩) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (પંદરેક લીટીમાં)** [૫]

**પ્ર.૧૭** 'શૂરવીર બાલભક્ત' (૧૦-૧૧) - **પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (સળંગ વર્ણન કરવાનું નથી)** [૫]

❋ ❋ ❋

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૫ જુલાઈ, ૨૦૧૨ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/**